જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૬/૦૬/૨૦૨૨ ગુરૂવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-

સમાચાર યાદી નં.૧૦૭૨/૨૦૨૨

Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની
તા.૧૫/૦૬/૨૦૨૨ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

| અ.નં | ગુન્હાનો પ્રકાર | નોધાયેલ FIR ની સંખ્યા | | | અટક કરેલ આરોપીની સંખ્યા | | |
|---|---|---|---|---|---|---|---|
| | | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ |
| ૧ | કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951 | ૧૧૭૪૬ | ૦ | ૧૧૭૪૬ | ૧૭૮૫૨ | ૦ | ૧૭૮૫૨ |
| ૨ | કલમ ૨૬૯, ૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005 | ૪૭૩૩ | ૦ | ૪૭૩૩ | ૬૨૮૨ | ૦ | ૬૨૮૨ |
| 3 | કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો) | ૧૪૧ | ૦ | ૧૪૧ | ૪૨૦ | ૦ | ૪૨૦ |
| ૪ | Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ | ૮૪૦૭૪ | ૦ | ૮૪૦૭૪ | ૮૫૦૪૪ | ૦ | ૮૫૦૪૪ |
| કુલ | | ૧૦૦૬૯૪ | ૦ | ૧૦૦૬૯૪ | ૧૦૯૫૯૮ | ૦ | ૧૦૯૫૯૮ |

| પત્રક-૨ | | | |
|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા | MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૧૫ | ૫,૧૯,૨૦૦/- |

| પત્રક-૩ | | | |
|---|---|---|---|
| જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા | વસુલ કરવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૦૦ | ૦૦/- |

# પાસા અટકાયતની વિગત

## ગુજરાત યુનિવર્સીટી પોલીસ સ્ટેશન

### શરીર સબંધી પાસા અટકાયતીની ધરપકડ કરતી ગુજરાત યુનિવર્સીટી પોલીસ

મહે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તથા સંયુકત પોલીસ કમિશ્નરશ્રી સેકટર-૧ તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૧ તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી "બી" ડીવીઝન નાઓની સુચના અને માર્ગદશગન મુજબ અત્રના પો.સ્ટે.વિસ્તારમાં ગુનાહિત પ્રવૃત્તિ કરતો માથાભારે ઇસમ જયદિપસિંહ જગતસિંહ પરમાર ઉ.વ.૨૪ રહે.ગામ-કાણેક તા-માળીયા હાટીના જી- જુનાગઢ વિરૂધ્ધમાં (૧) ડી.સી.બી. પો.સ્ટે.ગુ.ર.નં.૧૧૧૯૧૦૧૧૨૦૦૧૪૨/૨૦૨૦ આર્મ્સ એકટ કલમ ૨૫(૧)બી, ૨૫(૧)(એ), ૨૯ તથા જીપીએકટ કલમ ૧૩૫(૧) મુજબ તથા (૨) ગુજ.યુની.પો.સ્ટે. ગુ.ર.નં. ૧૧૧૯૧૦૭૨૨૦૩૭૧/૨૦૨૨ ઇપીકો કલમ ૩૨૩,૨૯૪ખ, ૧૧૪ મુજબના શરીર સંબધી ગુનાઓ દાખલ થયેલ હોય તેઓની ગુનાહિત ઇતિહાસની ઇ-ગુજ કોપ ડેસ્કટોપ આધારે તપાસ કરી આરોપીની ગુનાહીત પ્રવૃત્તિ જીપીએક્ટ કાયદાની સામાન્ય જોગવાઇઓ અનુસાર તાત્કાલીક અટકાવી શકાય તેમ ન હોય આરોપીની ગુનાહીત પ્રવુતી તાત્કાલીક અંકુશમાં લેવી જરુરી હોય જેથી જરુરી દસ્તાવેજી પુરાવાઓ એકત્રીત કરી સમયમર્યાદામાં આરોપી વિરુધ્ધ પાસા દરખાસ્ત તૈયાર કરી પોલીસ કમિશ્નરશ્રીની કચેરી ખાતે મોકલી આપતાં મે.પોલીસ કમિશ્નર સા.શ્રી નાઓના કચેરીના ક્રમાંક પીસીબી/ડીટીએન/પાસા/૫૮૨/૨૦૨૨ તા.૧૫/૦૬/૨૦૨૨ થી પાસા હુકમ મેળવી તા:૧૫/૦૬/૨૦૨૨ ના કલાક ૨૩/૦૦ વાગે પાસા હુકમની બજવણી કરી આરોપીને જરુરી પોલીસ જાપ્તા સાથે સુરત જેલ ખાતે અટકાયતમાં રહેવા સારૂ મોકલી આપેલ છે. તા:૧૬/૦૬/૨૦૨૨

### કામગીરી કરનાર અધિકારી/કર્મચારીઓ:-

(1) પો.ઇન્સ. વી.જે.જાડેજા

(2) અ.હે.કો પ્રહલાદસિંહ રણુભા બ.નં.૪૦૬૩

(3) અ.હે.કો. કનુભાઈ નાગજીભાઈ બ.નં.૬૮૫૮

(3) પો.કો. અનિલકુમાર હિંમતલાલ બનં.૩૬૫૪

(4) પો.કો. અનિલકુમાર ઇશ્વરભાઇ બ.નં.૮૦૭૮



**નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૦૭૩/૨૦૨૨**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૬૧ કેસ કરી, ૫૬ વ્યક્તિઓને ઝડપી, ૫૫૧ લીટર દેશી દારૂ, ૧ બોટલ ઈંગ્લીશ દારૂ, ૩ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ અને ૨ સ્કુટર કબજે કર્યા હતા. તેમજ જુગાર ધારા હેઠળ ૩ કેસ કરી ૧૦ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧૫,૩૪૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૦૭૪/૨૦૨૨**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી. ૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૫૦૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૨૫ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૧૮ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**છેતરપીંડીની ફરીયાદઃ-** **સમાચાર યાદી નં.૧૦૭૫/૨૦૨૨**

**વટવાઃ** અશોકભાઇ બીજલભાઇ ગોવિંદીયા (ઉ.વ.૩૮) (રહે. મહાદેવપુરા વટવા ગામડી રોડ વટવા) એ તા.૧૫/૦૬/૨૦૨૨ ના રોજ વટવા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે સને ૨૦૧૯ થી તા.૨૧/03/૨૦૨૨ સુધીના સમયગાળા દરમ્યાન અશોકભાઈની કંપનીના જી.એસ.ટી.વિભાગમાં ભરવાના જી.એસ.ટીના નાણા ૧૫,૬૫,૬૬૫/- આરોપી રાકેશભાઈ પ્રેમજીભાઈ પટેલ (રહે. શિવમ એપાર્ટમેન્ટ અખબારનગર) ને ભરવા માટે રાકેશભાઈ પટેલના ખાતામાં ઓનલાઈન ટ્રાન્સફર કરેલ હોવા છતાં રાકેશભાઈ પટેલે જી.એસ.ટી.વિભાગમાં નહી ભરી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એ.આઇ.રાઠોડ ચલાવે છે.

**નારોલઃ** મહેન્દ્રકુમાર રામનિવાસ પારીક (ઉ.વ.૩૪) (રહે. તિર્થભુમિ સોસાયટી પુષ્પક સોસાયટી પાસે મોની હોટલના ખાંચામાં નારોલ) એ તા.૧૫/૦૬/૨૦૨૨ ના રોજ નારોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૮/૧૧/૨૦૨૧ થી તા.૦૬/૦૪/૨૦૨૨ સુધીના સમયગાળા દરમ્યાન નારોલ ગુરૂકૃપા એસ્ટેટના ગોડાઉન નંબર-૪૮ એસ.આર.ટ્રેડીંગમાંથી કાપડનો કાચો માલ જોબવર્ક કરવા માટે આરોપી (૧) એઝાજ અહેમદ ઉર્ફે પીન્ટુભાઈ જમાલુદ્દીન અંસારી અને (૨) મોહંમદ મીનહાજ ઉર્ફે અદનાનખાન મનવ્વર અંસારી (રહે. ગંગાનગર નારોલ જુની કોર્ટ પાછળ નારોલ) નાઓને આપેલ જે કાપડનો કાચો માલ કિમત રૂપિયા ૨૧,૪૯,૭૧૯/- પરત નહી આપી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એ.જી.બ્રિદ ચલાવે છે.

**ઘરફોડઃ-** **સમાચાર યાદી નં.૧૦૭૬/૨૦૨૨**

**નરોડાઃ** રમેશભાઇ મંગળદાસ પટેલ (રહે. શ્રીપ્રકાશ સોસાયટી મોહનનગરની બાજુમાં નવયુગ વિદ્યાલય રોડ નરોડા) એ તા.૧૫/૦૬/૨૦૨૨ ના રોજ નરોડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૨/૦૬/૨૦૨૨ સવારના ૬/૦૦ વાગ્યાના સુમારે પોતાના મકાનના દરવાજાની બાજુમા આવેલ બારીના સળીયા તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી કબાટમાંથી સોના-ચાંદીના દાગીના કિમત રૂપિયા ૧,૨૦,૦૦૦/- અને રોકડ રૂપિયા ૬૦,૦૦૦/-મળી કુલ રૂપિયા ૧,૮૦,૦૦૦/- મતાની ચોરી કરી લઇ હઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી કે.બી.રાઠોડ ચલાવે છે.

**ચોરીઃ-** **સમાચાર યાદી નં.૧૦૭૭/૨૦૨૨**

**વસ્ત્રાપુરઃ** ધર્મેશ સ/ઓ માલદેભાઇ મગરા (રહે. શુભદર્શન ટાવર આનંદનગર) એ તા.૧૫/૦૬/૨૦૨૨ ના રોજ વસ્ત્રાપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે ચિન્મય ક્રિસ્ટલ ટાવર વસ્ત્રાપુર તળાવ બ્લેક સ્ટેન ટેટુ સ્ટુડિયો ખાતે આવેલ ધર્મેશ મગરાએ કામ માટે રાખેલ અંકિત ઉર્ફે વિઝી અધિકારી (રહે.વસ્ત્રાપુર તળાવ ગણેશ મંદીર સામે રાધે પી.જી.વસ્ત્રાપુર, મુળ વતન. નેપાળ) તા.૦૮/૦૬/૨૦૨૨ સાંજના ૭/૦૦ થી તા.૦૯/૦૬/૨૦૨૨ કલાક ૧૦/૩૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન સ્ટુડિયોમાંથી લેપટૉપ, કેમેરો, મોબાઈલ ફોન, ટેટુ મટીરીયલ મશીન નંગ-૦૬ અને રોકડ રૂપિયા ૪૨,૦૦૦/- મળી કુલ રૂપિયા ૧,૯૦,૦૦૦/- મતા ચોરી કરી લઇ નાસી ગયો હતો. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એચ.ડી.મકવાણા ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૧૦૭૮/૨૦૨૨**

**નારોલઃ** રમેશકુમાર તારારામ ચૌધરી (ઉ.વ.૩૧) (રહે. સુંદરનગર ઉમંગ ફ્લેટની બાજુમાં નારોલ) એ અગમ્ય કારણસર તા.૧૫/૦૬/૨૦૨૨ કલાક ૧૧/૦૦ વાગ્યા પહેલા પોતાના ઘરે લોંખડની પાઇપ સાથે નાયલોન પટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે નારોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી રવિન્દ્રસિંહ ભગવતસિંહ ચલાવે છે.

**નિકોલઃ** કોમલબહેન વા/ઓ નીકુંજભાઇ પટેલ (ઉ.વ.૩૩) (રહે. શરણમ હાઇટ્સ દાસ્તાન સર્કલ પાસે કઠવાડા રોડ નિકોલ) એ અગમ્ય કારણસર તા.૧૫/૦૬/૨૦૨૨ રાતના ૧૨/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખા સાથે સાડી બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે નિકોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી આઇ.કે.મોથલીયા ચલાવે છે.

**વટવાઃ (૧)** પ્રિન્સકુમાર ઉર્ફે સુરજ સ/ઓ સુમેરજી દુબે (ઉ.વ.૨૦) (રહે. ટંકાર-૩ રાધેપાર્ક રેસીડન્સી પાસે વટવા) એ અગમ્ય કારણસર તા.૧૫/૦૬/૨૦૨૨ બપોરના ૨/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે વટવા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી મહેન્દ્રભાઇ મગનભાઇ ચલાવે છે.

**વટવાઃ (૨)** વિશાખા ઉર્ફે બબલી ડો/ઓ ભદ્રેશભાઇ પંચાલ (ઉ.વ.૧૭) (રહે. આસોપાલવ સોસાયટી મહાલક્ષ્મી તળાવ પાસે વટવા) એ અગમ્ય કારણસર તા.૧૫/૦૬/૨૦૨૨ સાંજના ૬/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખા સાથે સાડી બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે વટવા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એ.પી.ઠાકોર ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.